## નેતન્યાહૂએ પીએમ મોદીને ફોન કરી પશ્ચિમ એશિયા અંગે ચર્ચા કરી

નવી દિલ્હી, તા. 6 (PTI) વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર ગુરુવારે તેમના ઇઝરાયેલી સમકક્ષ બેન્જામિન નેતન્યાહૂનો ફોન આવ્યો હતો અને તેમણે પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ) દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન અનુસાર, બંને નેતાઓએ ભારત-ઇઝરાયેલ સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપમાં સતત થઈ રહેલી પ્રગતિની પણ સમીક્ષા કરી હતી અને બંને દેશોના પરસ્પર લાભ માટે વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

## અમેરિકામાં ડો. ફૌસી સામે સંસદના તિરસ્કારની દરખાસ્ત

વોશિંગ્ટન, તા. 6(એપી): સેનેટની એક સમિતિએ ગુરુવારે ડો. એન્થોની ફૌસી સામે સંસદના તિરસ્કારનો પ્રસ્તાવ પસાર કર્યો છે અને કોવિડ-19 મહામારીના તેમના સંચાલન પર કેન્દ્રિત ગયા અઠવાડિયાની સુનાવણીમાં પ્રશ્નોના જવાબો આપવાનો ઇનકાર કરવા બદલ સંભવિત કાનૂની કાર્યવાહી માટે આ મામલો ન્યાય વિભાગને મોકલી આપ્યો છે. આ તિરસ્કાર પ્રસ્તાવને મંજૂરી આપતો પાર્ટી-લાઇન મત એવા સમયે આવ્યો છે જ્યારે તેના એક અઠવાડિયા પહેલા ફૌસીએ સેનેટ કમિટી ઓન હોમલેન્ડ સિક્યુરિટી એન્ડ ગવર્નમેન્ટલ અફેર્સ સમક્ષ હાજર થવા દરમિયાન સ્વ-આરોપીકરણ સામેના પોતાના પાંચમા સુધારાના બંધારણીય અધિકારનો 100થી વધુ વખત ઉપયોગ કર્યો હતો.

## શ્રીલંકાના નૌકાદળે ૧૧ ભારતીય માછીમારોને બચાવ્યા

કોલંબો, તા. ૬ (પીટીઆઈ) : સત્તાવાર નિવેદન અનુસાર, ટાપુ રાષ્ટ્રના જળ સીમા વિસ્તારમાં તેમની માછીમારી નૌકા દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ ગુરુવારે શ્રીલંકાની નૌકાદળ દ્વારા અગિયાર ભારતીય માછીમારોને બચાવી લેવામાં આવ્યા હતા. આ અકસ્માત ઉત્તરીય શ્રીલંકાના મુખ્ય ભૂમિભાગથી દૂર પાલ્ક સ્ટ્રેટમાં આવેલા ડેલ્ફ્ટ આઇલેન્ડ નજીક દરિયાઈ ખડક પર થયો હતો. શ્રીલંકાના નૌકાદળના જણાવ્યા અનુસાર, ટ્રોલેરે બુધવારે મોડી રાત્રે શ્રીલંકાની જળ સીમામાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા ઓળંગી હતી અને તે ગ્રાઉન્ડ થાય તે પહેલાં કથિત રીતે બોટમ ટ્રોલીંગ (તળિયેથી માછીમારી) કરી રહ્યું હતું.

## સુપ્રીમ કોર્ટે શિવસેનાના બંધારણ પર સવાલો ઉઠાવ્યા

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ) લોકશાહીના સિદ્ધાંતો માત્ર સંસ્થાઓ પૂરતા મર્યાદિત ન હોવા જોઈએ તેવું નોંધતાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે શિવસેનાના સુધારેલા બંધારણ પર સવાલો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે તે પક્ષને "વાસ્તવિક રીતે એક-વ્યક્તિની સંસ્થા" બનાવી દેતું હોય તેમ જણાય છે. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળના જૂથની અરજીઓ પર અંતિમ સુનાવણી ચાલુ રાખતાં સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, જ્યારે સંસ્થાઓ પાસેથી લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે ત્યારે રાજકીય પક્ષો પણ લોકશાહી ઢબે કામ કરે છે કે નહીં તેની તપાસ થવી જોઈએ.

## હુથી બળવાખોરોના હુમલામાં યમનના 30 સૈનિકની મોત

કૈરો, તા.6 (AP) મધ્ય અને પૂર્વ યમનમાં ગુરુવારે થયેલા હુથી બળવાખોરોના હુમલામાં યમન સરકારના ઓછામાં ઓછા 30 સૈનિકો માર્યા ગયા છે અને અન્ય 50થી વધુ ઘાયલ થયા છે. એમ યમન સરકારના અધિકારીઓએ જણાવ્યું હતું. આ હુમલાઓ મારિબ અને હધરામાઉત પ્રાંતોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારના દળો માટેના કેમ્પ પર કરવામાં આવ્યા હતા. મીડિયા સાથે વાત કરવાની મંજૂરી ન હોવાથી તેઓએ નામ ન આપવાની શરતે આ વાત કહી હતી.

# યુક્રેને રશિયામાં અંદર સુધી વધુ ઓઈલ સુવિધાઓ પર હુમલા કર્યા

**ઝેલેન્સ્કીએ** કરેલા દાવા સામે રશિયાએ 605 યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યાનો દાવો કર્યો



કિવ, તા. 6 (AP) રાત્રિ દરમિયાન કરાયેલા હુમલાઓમાં યુક્રેને રશિયાની અંદર વધુ ઓઇલ સુવિધાઓને લક્ષ્ય બનાવી હતી, એમ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ ગુરુવારે જણાવ્યું હતું. મોસ્કોના યુદ્ધકાલીન અર્થતંત્રને નબળું પાડવા અને ક્રેમલિનને ક્ષોભજનક સ્થિતિમાં મૂકવા માટે કિવે આ અભિયાન ચાલુ રાખ્યું છે.

આ વારંવારના હુમલાઓને કારણે ઈંધણની અછત સર્જાઈ છે અને રશિયનો ચિંતિત બન્યા છે, જ્યારે બીજી તરફ યુક્રેનિયનોનો ઉત્સાહ વધ્યો છે, જેઓ રશિયાના સતત હુમલાઓનો સામનો કરી રહ્યા છે જેનો મુકાબલો કરવામાં કિવની નબળી પડેલી એર ડિફેન્સ સિસ્ટમ સંઘર્ષ કરી રહી છે.

સોશિયલ મીડિયા પર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુક્રેનિયન દળોએ પૂર્વ યુક્રેનની ફ્રન્ટ લાઇનથી 1,300 કિલોમીટર (800 માઇલ) કરતાં વધુ દૂર આવેલા બશ્કોર્તોસ્તાન સ્થિત એક રિફાઇનરી પર, તેમ જ યુક્રેન સરહદથી લગભગ 700 કિલોમીટર (400 માઇલ) દૂર આવેલા યારોસ્લાવલ ક્ષેત્રની એક રિફાઇનરી પર હુમલો કર્યો હતો.

આ ઉપરાંત, ઝેલેન્સ્કીના જણાવ્યા અનુસાર, યુક્રેનિયન દળોએ કાળો સમુદ્રમાં રશિયાની બે લશ્કરી પેટ્રોલ બોટ તેમ જ મોસ્કોના કહેવાતા 'શેડો ફ્લીટ' (ગોપનીય જહાજોના કાફલા) ના જહાજો પર હુમલો કર્યો હતો, જેનો ઉપયોગ રશિયા તેના તેલ નિકાસ પરના પશ્ચિમી નિયંત્રણોથી બચવા માટે કરે છે. તેમણે આ જહાજો અથવા થયેલા નુકસાનના પ્રમાણ વિશે વધુ વિગતો આપી ન હતી.

રશિયન સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે, તેની એર ડિફેન્સ સિસ્ટમે રાત્રિ દરમિયાન રશિયાના વિવિધ વિસ્તારો ઉપરાંત ગેરકાયદેસર રીતે કબજે કરેલા ક્રિમિયા અને કાળા તથા અઝોવ સમુદ્ર પર 605 યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યા હતા.

# યુરોપમાં ભીષણ ગરમી : ઈટાલીના તમામ શહેરો હાઈ એલર્ટ પર

**યુરોપના** અનેક દેશોમાં ભડભડી રહેલી જંગલની આગ, ઓસ્ટ્રિયામાં ગરમીનો રેકર્ડ તૂટ્યો

**સખત** ગરમીના કારણે વીજળી ઉત્પાદન, વાહન વ્યવહાર અને પર્યટન સેવાઓને પણ મોટી અસર



રોમ, તા. 6(એપી): સમગ્ર યુરોપમાં કાળઝાળ ગરમીના મોજા વચ્ચે ગુરુવારે ઈટાલીએ તેના તમામ મુખ્ય શહેરોને સર્વોચ્ચ હીટ એલર્ટ પર મૂકી દીધા છે. આ ગરમીના કારણે ઓસ્ટ્રિયામાં રાષ્ટ્રીય તાપમાનનો રેકોર્ડ તૂટી ગયો છે, ફ્રાન્સમાં દાવાનળને વેગ મળ્યો છે અને સમગ્ર ખંડમાં ઊર્જા તેમજ પરિવહન વ્યવસ્થાઓ ખોરવાઈ છે.

આ સખત હવામાનને કારણે કેટલાક દેશોમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયું છે, જેથી લાખો લોકો માટે આરોગ્ય સંબંધિત ચેતવણીઓ જારી કરવામાં આવી છે. સમગ્ર યુરોપમાં, સત્તાવાળાઓ તીવ્ર ગરમીના પરિણામો સામે ઝઝૂમી રહ્યા છેઃ ઈટાલીમાં લાખો લોકો માટે હેલ્થ એલર્ટ, ઓસ્ટ્રિયામાં વિક્રમી તાપમાન, મધ્ય યુરોપમાં દુષ્કાળને કારણે ઊર્જા અને જળમાર્ગ પરિવહનમાં વિક્ષેપ, અને ફ્રાન્સથી લઈને બાલ્કન દેશો સુધી ફેલાયેલી જંગલની આગ. વૈજ્ઞાનિકો અને અધિકારીઓ ચેતવણી આપે છે કે જેમ જેમ આબોહવા ગરમ થઈ રહી છે, આવી ઘટનાઓ વધુ વારંવાર અને વધુ તીવ્ર બની રહી છે. ભૂમધ્ય સમુદ્રથી લઈને મધ્ય યુરોપ સુધી, લાંબા સમય સુધી ગરમી, દુષ્કાળ અને જંગલની આગની સ્થિતિ હવે ધીમે ધીમે ઉનાળાની ઓળખ બની રહી છે. હાલના હીટવેવે જાહેર આરોગ્ય પ્રણાલીઓ, વીજ ઉત્પાદન, પરિવહન નેટવર્ક અને પ્રવાસન માળખામાં નબળાઈઓને ખુલ્લી પાડી દીધી છે, જેનાથી સરકારો અને વ્યવસાયોને આ વધુ વારંવાર આવતા આત્યંતિક હવામાન સાથે અનુકૂલન સાધવાની ફરજ પડી છે.

ઈટાલીના આરોગ્ય મંત્રાલયે ગુરુવારે તેની રાષ્ટ્રીય હીટ સર્વેલન્સ સિસ્ટમ હેઠળ આવરી લેવાયેલા તમામ 27 શહેરોને 'રેડ એલર્ટ' પર મૂક્યા છે - આ વર્ષમાં પ્રથમ વખત આખું નેટવર્ક એક સાથે સર્વોચ્ચ ચેતવણીના સ્તર પર મૂકાયું છે. પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રાલયોએ રોમના કોલોસિયમ અને પેન્થિઓન સહિતના ઐતિહાસિક સ્થળો પર સાંજના સમયના મુલાકાતના કલાકો લંબાવ્યા છે.

સૌથી તીવ્ર તાપમાન ઓસ્ટ્રિયામાં નોંધાયું હતું, જ્યાં જિયોસ્ફિયર ઓસ્ટ્રિયાના જણાવ્યા અનુસાર, સ્લોવાક સરહદ નજીકના બેડ ડોઇચ-અલ્ટેનબર્ગ ગામમાં બુધવારે પારો 41.2 ડિગ્રી સેલ્સિયસે પહોંચી ગયો હતો. દેશમાં નોંધાયેલું આ અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન હતું. ઓસ્ટ્રિયા પણ ભીષણ દુષ્કાળનો સામનો કરી રહ્યું છે.

હંગેરીમાં, લાંબા સમયથી દુષ્કાળ અને ડેન્યુબ નદીમાં જળસ્તરના ઐતિહાસિક ઘટાડાને કારણે દેશના એકમાત્ર ન્યુક્લિયર પાવર પ્લાન્ટને ગંભીર અસર થઈ છે.

# રીજીજુએ ત્રણ દિવસમાં બીજી વખત રાહુલ સાથે ફોન પર વાત કરી

**મહિલા** અનામત અને સીમાંકન ખરડાઓ માટે સહકાર માગ્યો, જો કે રાહુલે સર્વપક્ષીય બેઠકનો આગ્રહ રાખ્યો

નવી દિલ્હી, તા. ૬(પીટીઆઈ): કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ ગુરૂવારે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે ફોન પર વાતચીત કરીને મહિલા અનામત અને સીમાંકન વિધેયક પસાર કરવા માટે સહયોગ માંગ્યો હતો, પરંતુ વિપક્ષના નેતાએ પ્રસ્તાવિત કાયદા પર સર્વપક્ષીય બેઠક બોલાવવાનો આગ્રહ રાખ્યો હતો, તેમ આ મામલાથી માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક દિવસોમાં આ બીજી વાર હતું જ્યારે સંસદીય કાર્ય મંત્રીએ વિપક્ષના નેતા સાથે ફોન પર વાત કરી હતી. ગૃહની કાર્યવાહી સુચારૂ રીતે ચાલે તે માટે મંત્રી છેલ્લા ૧૦ દિવસમાં બે વાર તેમને મળ્યા પણ હતા. સંસદ ભવન સંકુલમાં પત્રકારો સાથે વાત કરતા રિજિજુએ કહ્યું, મારે રાહુલ ગાંધી સાથે સાર્થક વાતચીત થઈ હતી. મેં કેટલાક ચોક્કસ મુદ્દાઓ પર વિનંતી કરી છે અને અન્ય બાબતો પર પણ ચર્ચા કરી છે. અમે કૉંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો સાથે સતત સંવાદ અને સમન્વયિત કામગીરીની અપેક્ષા રાખીએ છીએ. સૂત્રોએ જણાવ્યું કે જ્યારે રિજિજુએ મહિલા અનામત અને સીમાંકન વિધેયક પસાર કરવા માટે કૉંગ્રેસનો સહયોગ માંગ્યો, ત્યારે ગાંધીએ સરકારને આ પ્રસ્તાવિત કાયદા પર સર્વપક્ષીય બેઠક બોલાવવાનો આગ્રહ રાખ્યો હતો. આ વિધેયક પર સર્વપક્ષીય બેઠક બોલાવવા અંગે સંસદીય કાર્ય મંત્રીએ કોઈ ખાતરી આપી ન હતી, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકાર મહિલા અનામત અને સીમાંકન વિધેયક પર સર્વસંમતિ સાધવાનો પ્રયાસ કરી રહી છે.ગાંધી સાથેની વાતચીતનો ઉલ્લેખ કરતા રિજિજુએ કહ્યું કે તેઓ રાજકીય વિરોધી હોઈ શકે છે પરંતુ દુશ્મન નથી. તેમણે કહ્યું, "તેથી, આપણે રાષ્ટ્રીય હિતમાં મળીને કામ કરવું જોઈએ. જો કે, બહાર એવી છાપ ઉભી કરવામાં આવી રહી છે કે તેઓ સંસદને ચાલવા જ ન દેવા માટે મક્કમ છે; પણ આખરે તેનાથી નુકસાન કોને થાય છે? કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગૃહમાં હાજરી અંગેની વિપક્ષની માંગ પર રિજિજુએ કહ્યું કે ગૃહમંત્રીએ બિલ રજૂ કર્યા છે અને તેઓ સવારથી સાંજ સુધી સંસદમાં હાજર રહીને કામ કરી રહ્યા છે.

# ઇમરાન ખાનના જેલવાસના ત્રણ વર્ષ પુરા થવા પ્રસંગે પાકિસ્તાનભરમાં દેખાવો

**ભૂતપૂર્વ** વડાપ્રધાનના પક્ષના કાર્યકરો અને ટેકેદારોએ અનેક શહેરોમાં રેલીઓ યોજી, 100થી વધુની ધરપકડ

**ઇમરાનખાનને** ન્યાય નહીં મળે તો 27 સપ્ટેમ્બરે રાજધાની ઇસ્લામાબાદ સુધી વિશાળ કૂચની યોજના



લાહોર, તા. ૬(પીટીઆઈ): જેલવાસ ભોગવી રહેલા પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડના ત્રણ વર્ષ પૂર્ણ થવાના વિરોધમાં બુધવારે સમગ્ર પાકિસ્તાનમાં રેલીઓ યોજાતાં તેમના 100થી વધુ સમર્થકોની ધરપકડ કરવામાં આવી છે. આ દરમિયાન પંજાબ અને સિંધ પ્રાંતમાં પોલીસે દેખાવકારો પર કડક કાર્યવાહી કરી હતી.

મુખ્ય રેલી ખૈબર પખ્તુનખ્વા પ્રાંતની રાજધાની પેશાવરમાં યોજાઈ હતી, જ્યાં ઈમરાન ખાનની પાર્ટી 'પાકિસ્તાન તહરીક-એ-ઈનસાફ'(PTI) સત્તામાં છે. પંજાબમાં પોલીસે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો હતો અને લાહોર, મિયાંવાલી તથા રાવલપિંડીમાંથી અનેક પક્ષના કાર્યકરોની અટકાયત કરી હતી. લાહોરના મલ્લ રોડ પર ઈમરાન ખાનની મુક્તિની માંગ કરી રહેલા દેખાવકારોને પોલીસે વિખેરી નાખ્યા હતા અને કેટલાક પ્રદર્શનકારીઓની ધરપકડ કરી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયો ફૂટેજમાં રમખાણ વિરોધી પોલીસ પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગ કરતી જોવા મળી હતી. આ રેલીનું કવરેજ કરી રહેલા કેટલાક પત્રકારોને પણ પોલીસે માર માર્યો હતો, જેને પગલે મીડિયા સંગઠનોએ વિરોધ નોંધાવ્યો હતો.

PTI પંજાબના જનરલ સેક્રેટરી ચૌધરી એઝાઝે જણાવ્યું હતું કે લાહોરમાં અટકાયત કરાયેલા 25 લોકોમાં પક્ષના પાંચ ધારાસભ્યો પણ સામેલ છે. તેમણે ઉમેર્યું, દમન, અત્યાચાર અને તાનાશાહીના આ યુગ છતાં, પંજાબમાં મોટી સંખ્યામાં PTI કાર્યકરો અને હોદ્દેદારોએ વિરોધ રેલીઓ કાઢી હતી અને ઈમરાન ખાન સાથે અડગ ઊભા રહેવાનો સંકલ્પ લીધો હતો. PTIના જણાવ્યા અનુસાર મિયાંવાલી, રાવલપિંડી અને પંજાબના અન્ય ભાગોમાંથી તેના ઓછામાં ઓછા 50 કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે. કરાંચીના સદ્દર ટાઉન વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા PTI સમર્થકોને વિખેરવા માટે પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને 10થી વધુ દેખાવકારોની ધરપકડ કરી હતી.

## પેજ 3

### રૂ. ત્રણ કરોડની છેતરપિંડીના કેસમાં સલમાન ખાન અને તેની બહેનને સમન્સ મોકલાયા



મુંબઈ, તા. 06 : ચંડીગઢ જિલ્લા અદાલતે મણિમાજરા, ચંડીગઢમાં આવેલા બીઈંગ હ્યુમન જ્વેલરી શોરૂમ સાથે જોડાયેલી છેતરપિંડીની ફરિયાદના સંબંધમાં અભિનેતા સલમાન ખાન, તેમની બહેન અલવિરા ખાન અગ્નિહોત્રી અને સ્ટાઇલ એન્ડ કન્ટેન્ટ જ્વેલરી પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર્સને સમન્સ જારી કર્યા છે. કોર્ટે તમામ આરોપીઓને પાંચમી ઓક્ટોબરે હાજર રહેવા અને આરોપો અંગે તેમનો જવાબ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે. આ ફરિયાદ ચંડીગઢના ઉદ્યોગપતિ અરુણ ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવી હતી.

### રૂ. 16 કરોડની લોન ચૂકવવામાં નિષ્ફળ જતાં રાજપાલ યાદવની બે મિલકતો પર બેન્કની હરાજીની નોટિસ



મુંબઇ, તા. 06 : બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવ રૂ. નવ કરોડના ચેક બાઉન્સ કેસ બાદ હવે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની રૂ. 16 કરોડની લોન ભરપાઇ ન કરવા માટે મુશ્કેલીમાં મુકાયો છે. રાજપાલે આ લોન તેની ફિલ્મ "આતા પતા લપતા" માટે લીધી હતી. તાજેતરમાં, બેંક રિકવરી અધિકારીઓએ શાહજહાંપુરમાં રાજ્યપાલના પૈતૃક ગામની મુલાકાત લઇને અભિનેતાની મિલકત પર હરાજીની નોટિસ લગાવી હતી. રાજપાલ શાહજહાંપુરમાં એક ખેતર અને એક ઘર ધરાવે છે અને બંને મિલકતોની સંયુક્ત કિંમત આશરે રૂ. 3 કરોડ 19 લાખ 26 હજાર હોવાનો અંદાજ છે. આ મિલકતોની ઓનલાઈન હરાજી 9 સપ્ટેમ્બરે કરવામાં આવશે.

### બિગ બોસ 20ના પ્રોમોમાં ઘર નહીં અખાડાની ઝલક : સલમાને આપ્યો 'વરદાન'ના નવા નિયમનો સંકેત



મુંબઇ, તા. 06 : દેશના સૌથી મોટા રિયાલિટી શો, "બિગ બોસ સીઝન 20" ને લઈને ઉત્સાહ વધી ગયો છે. નિર્માતાઓએ હોસ્ટ સલમાન ખાનનો નવો પ્રોમો રિલીઝ કર્યો છે, જેમાં તે રમતના એક નવા અને મહત્વપૂર્ણ નિયમ તરફ આકસ્મિક રીતે સંકેત આપે છે. વધુમાં, આ નવા 15-સેકન્ડના પ્રોમોમાં, સલમાન "અખાડા" માં જોવા મળે છે. જો કે તે સ્પષ્ટ નથી કે આ "બિગ બોસ 20" ઘર છે કે ફક્ત એક પ્રોમો સેટ. નવા પ્રોમોમાં, સલમાન એક અખાડામાં જોવા મળે છે. તે પોતાની લાક્ષણિક શૈલીમાં કહે છે, "આ વખતે બિગ બોસમાં, ઘરના સભ્યોને એક વરદાન મળશે... તથાસ્તુ મારી જાન'.

### લોન ચૂકવવા માટે સી-ગ્રેડ ફિલ્મોમાં કામ કરવું પડ્યું : અભિનેત્રી સુષ્મિતા મુખર્જી



નવી દિલ્હી, તા.6 (PTI) 'ગોલમાલ' અને 'આજા નચલે'માં પોતાની ભૂમિકાઓ માટે જાણીતા અભિનેત્રી સુષ્મિતા મુખર્જી કહે છે કે, તેમણે એક કરોડ રૂપિયાની લોન ચૂકવવા માટે પોતાના જીવનના એક મુશ્કેલ તબક્કા દરમિયાન સી-ગ્રેડ ફિલ્મોમાં કામ કર્યું હતું. અભિનેત્રીએ જણાવ્યું કે, તેમની અને તેમના પતિ રાજા બુંદેલાની એક પ્રોડક્શન કંપની હતી જે 2002માં બંધ થઈ ગઈ હતી અને તેમના પર દેવું થઈ ગયેલા નાણાં ચૂકવવા માટે તેમણે બંનેએ સંઘર્ષ કરવો પડ્યો હતો. 61 વર્ષીય મુખર્જીએ એક ઇન્સ્ટાગ્રામ લાઇવમાં શેર કર્યું હતું કે, "કોઈએ મને પૂછ્યું 'મેડમ તમે ખરાબ ફિલ્મોમાં કામ કેમ કર્યું?' મને ખૂબ ખરાબ લાગ્યું.

# ભારતના કાયદાનું પાલન સહિતના મુદ્દે મેટાની ટીમની IT મંત્રાલય દ્વારા પૂછપરછ

**ભારતના** કાયદાનું પાલન, ગેરકાયદે સામગ્રી રોકવાના પગલાઓ સહિત અનેક મુદ્દાઓ પર મેટાની ગ્લોબલ ટીમની પૂછપરછ કરાઇ

**ખુદ** આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ કેટલીક પૂછપરછ કરી, મંત્રાલયની ટેક્નીકલ ટીમો દ્વારા પણ તેમની સાથે બેઠક

**ગેરકાયદે સામગ્રીને રોકવા પોતે સંપૂર્ણ સજ્જ નહીં હોવાનું મેટાએ સ્વીકાર્યું : સરકારી સૂત્રો**

બેઠક પછી, સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે મેટાના એક્ઝિક્યુટિવ્સે બાળકોના જાતીય શોષણની સામગ્રી અને ડીપફેક્સ સાથે જોડાયેલી નિષ્ફળતાઓનો સ્વીકાર કર્યો હતો અને કબૂલ્યું હતું કે "એક ચોક્કસ પ્રકારની સામગ્રીને પ્રોત્સાહન કરવા માટે ખૂબ પૈસા ચૂકવવામાં આવ્યા હતા."જાણવા મળ્યું છે કે વૈષ્ણવે મેટાને એવું પણ પૂછ્યું હતું કે શું તે પોતાના પ્લેટફોર્મ પર ગેરકાયદેસર સામગ્રીને રોકવા માટે પૂરતા પ્રયાસો કરી રહી છે?"તેમણે સ્વીકાર્યું કે તેમની સિસ્ટમ્સ આટલી બધી ગેરકાયદેસર સામગ્રી માટે સંપૂર્ણ રીતે સજ્જ નથી.

નવી દિલ્હી, ૬ ઓગસ્ટ (પીટીઆઈ) : તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફેસબુક પોસ્ટ પર અસ્થાયી પ્રતિબંધ લાદવામાં આવ્યા બાદ સોશિયલ મીડિયા કંપનીને સમન્સ પાઠવવામાં આવ્યા હતા. ત્યારપછી, મુલાકાતે આવેલી મેટાની ટીમ દેશના કાયદાનું પાલન કરી રહી છે કે નહીં તે અંગે સરકાર તેમની પૂછપરછ કરી રહી છે, તેમ ગુરુવારે સુત્રોએ જણાવ્યું હતું. સરકાર અને મેટાની ગ્લોબલ ટીમ વચ્ચે હાલમાં ચર્ચા ચાલી રહી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, મેટાના એલ્ગોરિધમ્સ વિશે પણ પૂછપરછ કરવામાં આવશે. આ ઉપરાંત, તેમના કમ્પ્લાયન્સ મિકેનિઝમ (અનુપાલન વ્યવસ્થા)માં બંધારણીય અને કાનૂની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પૂરતી તપાસ, સમતુલા અને સુરક્ષાત્મક નિયમો છે કે નહીં તેની પણ તપાસ કરાશે. આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ ગુરુવારે મેટાની ગ્લોબલ ટીમ સાથે બેઠક કરી રહ્યા છે, અને તે પછી મંત્રાલયની ટેકનિકલ ટીમો સાથેની ચર્ચા ચાલુ રહેશે, તેમ સૂત્રોએ ઉમેર્યું હતું.

# બાંગ્લાદેશમાં 20 ઓગસ્ટે રાષ્ટ્રપતિ ચૂંટણી યોજાશે : ચૂંટણી પંચ

**રાષ્ટ્રપતિ** મોહમ્મદ શહાબુદ્દીને સ્વાસ્થ્ય કારણોસર રાજીનામું આપ્યાના બે અઠવાડિયા પછી જાહેરાત કરવામાં આવી

ઢાકા, તા. 6 (PTI) બાંગ્લાદેશમાં રાષ્ટ્રપતિ ચૂંટણી 20 ઓગસ્ટે યોજાશે. ચૂંટણી પંચે ગુરુવારે આ જાહેરાત કરી હતી. આ જાહેરાત રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને સ્વાસ્થ્ય કારણોસર તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો થાય તે પહેલા રાજીનામું આપ્યાના બે અઠવાડિયા પછી કરવામાં આવી છે. 76 વર્ષીય શહાબુદ્દીન પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાના લાંબા સમયથી સહયોગી રહ્યા છે.

ચૂંટણી પંચના વરિષ્ઠ સચિવ અખ્તર અહેમદે પત્રકારોને જણાવ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીને (કાર્યવાહક સંસદીય) સ્પીકર કૈસર કમાલ સાથે ચર્ચા કરીને તારીખો નક્કી કરી છે. બંધારણ અનુસાર, સંસદ સભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે, પરંતુ ચૂંટણી પંચ રાષ્ટ્રાધ્યક્ષને ચૂંટવાની પ્રક્રિયા આયોજિત કરે છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરતાં ચૂંટણી પંચ સચિવાલયના વરિષ્ઠ સચિવ અખ્તર અહેમદે કહ્યું કે, મતદાન 20 ઓગસ્ટે બપોરે 2:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી જાતીય સંસદ (રાષ્ટ્રીય સંસદ)ના સત્ર ખંડમાં થશે. નામાંકન પત્રો 13 ઓગસ્ટે મુખ્ય ચૂંટણી કમિશનરની કચેરીમાં સ્વીકારવામાં આવશે. નામાંકન પત્રોની ચકાસણી 16 ઓગસ્ટે થશે. ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ 18 ઓગસ્ટ છે. સાંસદો 20 ઓગસ્ટે સંસદની અંદર નવા રાષ્ટ્રપતિને ચૂંટવા માટે મતદાન કરશે. જોકે, સર્વસંમતિ ધરાવતા ઉમેદવારના કિસ્સામાં કોઈ મતદાન થશે નહીં. સરકારી સમાચાર સંસ્થા બીએસએસ અનુસાર, અહેમદે પત્રકારોને જણાવ્યું કે રાષ્ટ્રપતિ ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સંસદ અધ્યક્ષ હાફિઝ ઉદ્દીન અહેમદ સાથેની ચર્ચા પછી કરવામાં આવી હતી.

# ગરમીથી બચવા કૂતરાના માંસનું સૂપ પીઓ : ઉત્તર કોરિયા સરકારની સલાહ!

પ્યોંગયાંગ, તા. ૬: ઉત્તર કોરિયાના સરકારી મીડિયાએ ફરી એકવાર ઉનાળા દરમિયાન કૂતરાના માંસનું સૂપ પીવાની ભલામણ કરી છે, અને દાવો કર્યો છે કે તે દેશમાં પડી રહેલી ભીષણ ગરમીનો સામનો કરવામાં લોકોને મદદ કરી શકે છે. સાઉથ ચાઇના મોર્નિંગ પોસ્ટના એક અહેવાલ અનુસાર, આ ભલામણ એવા સમયે આવી છે જ્યારે ઉત્તર કોરિયા તીવ્ર હીટવેવ સામે ઝઝૂમી રહ્યું છે, અને કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને સ્પર્શી જવાની શક્યતા છે.

આ અહેવાલે વૈશ્વિક સ્તરે લોકોનું ધ્યાન ખેંચ્યું છે કારણ કે તે એક સદીઓ જૂની અને અત્યંત વિવાદાસ્પદ પરંપરાને ફરી જીવંત કરે છે. વિશ્વભરના ઘણા લોકો માટે, ખાસ કરીને શ્વાનપ્રેમીઓ અને પ્રાણી કલ્યાણના સમર્થકો માટે આ પ્રથા ખૂબ જ દુઃખદાયક અને ખલેલ પહોંચાડનારી છે. SCMPના અહેવાલ મુજબ, ઉત્તર કોરિયાની શાસક વર્કર્સ પાર્ટીના સત્તાવાર અખબાર 'રોડોંગ સિનમુન' દ્વારા આકરી ગરમીનો સામનો કરી રહેલા લોકો માટે આ સ્વાસ્થ્ય સલાહ પ્રકાશિત કરાઈ હતી.

# CJP આવતા મહિને 'ક્યા બોલતી પબ્લિક' અભિયાન શરૂ કરશે : દીપ્કે

**CJP** એક પ્રેશર ગ્રુપ તરીકે કામ કરીને શિક્ષણ અને બેરોજગારી જેવા મુદ્દે દેશના રાજકીય પ્રવાહને બદલવા માગે છે

છત્રપતિ સંભાજીનગર, તા. 6 (PTI) : કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) આવતા મહિને દેશભરના લોકો સાથે સંવાદ સાધવા અને તેમની સમસ્યાઓ જાણવા માટે 'ક્યા બોલતી પબ્લિક' ઝુંબેશ શરૂ કરશે, તેમ તેના સ્થાપક અભિજીત દીપ્કેએ આજે ગુરુવારે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં પોતાના હોમટાઉન છત્રપતિ સંભાજીનગરમાં સીજેપીની કોર ટીમની બેઠક પૂર્ણ થયા બાદ એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, સીજેપી એક દબાણ જૂથ તરીકે કામ કરવા માંગે છે અને શિક્ષણ તથા બેરોજગારીના મુદ્દાઓને પ્રકાશિત કરીને દેશના રાજકીય પ્રવાહને બદલવા માંગે છે. આ પ્રસંગે જાહેરાત કરવામાં આવી હતી કે દીપ્કે સીજેપીના સંયોજક રહેશે, જ્યારે મુખ્ય પ્રવક્તા સૌરવ દાસ અને પ્રવક્તા આશુતોષ રાંકા તેના સહ-સંયોજક રહેશે. દીપ્કેએ જણાવ્યું હતું કે, 'ક્યા બોલતી પબ્લિક' ઝુંબેશ દરમિયાન, અમે એ જાણવાનો પ્રયાસ કરીશું કે દેશની વર્તમાન પરિસ્થિતિ વિશે લોકો શું વિચારે છે અને તેઓ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. કારણ કે આ સમય જનતાનું સાંભળવાનો છે.


**શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી આયુર્વેદિક સહકારી ફાર્મસી લી.**
કલાકુંજ સોસાયટી સામે, પાણીની ટાંકી પાસે, વરાછા રોડ, સુરત-૬. ફોન નં. ૨૫૭૪૪૧૦

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી ''આસ્ફા'' ના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે, શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી આયુર્વેદિક સહકારી ફાર્મસી લિ., સુરતની વાર્ષિક સાધારણ સભા તા. ૨૧/૦૮/૨૦૨૬ને શુક્રવાર બપોરે ૩.૦૦ કલાકે ઉપરના સરનામે સંસ્થાની હેડ ઓફિસ ખાતે એજન્ડા મુજબના કામો કરવા મળશે. જેમાં સભાસદોને તેમના ઓળખકાર્ડ સાથે સમયસર પધારવા વિનંતી.

નોંધ : (૧) વાર્ષિક અહેવાલ તથા હિસાબની નકલ જે સભાસદોને જરૂર હોય તો તેમણે તા. ૧૦/૦૮/૨૦૨૬ ના રોજથી મંડળીની હેડ ઓફિસ, ચૌટાપુલ શાખા તથા સ્ટેશન શાખા સુરતથી મેળવી લેવી.
(૨) જે સભાસદોની વારસાઈ અને બેંક વિગત આપવાની બાકી છે તે તાત્કાલિક પૂર્ણ કરાવવી.

આસ્ફા
તા.૦૬/૦૮/૨૦૨૬

લિ. વ્યવસ્થાપક કમિટીના આદેશથી
દેવાંગભાઈ એમ. પાઠક
(જનરલ મેનેજર)



